શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સંચાલિત

# પંચોલી નવયુગ



જુલાઈ–૨૦૧૯ અંક – ૭ વર્ષ ૫૬ સળંગઅંક : ૪૬૫ માસિક કિંમત–૧૦ વાર્ષિક લવાજમ–૧૦૦/–રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૭ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજ્યુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

- S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....
- H.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....
- I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજ્યુએશન, પોષ્ટ ગ્રેજ્યુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ  વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે.  જેની નોંધ લેશો.......
- **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૮ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

## વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી

**S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**ઓગસ્ટ માસ પછી HSC અને SSC ના ફોટા પ્રકાશિત કરવામાં આવશે નહી.. જેમની ઈચ્છા હોય એ રૂા. ૧૫૦/- કે દિવાળી અંકમાં જાહેરાત આપી પ્રકાશિત કરી શકશે.**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ
## જુલાઈ-૨૦૧૯

तमसो मां ज्योतिर्गमय

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

વર્ષાનું આગમન સૌના તન અને મન ભીંજવી ગયા.. હજી પણ મન મુકીને મેહુલો વરસે એવી પ્રભુ પ્રાર્થના.. કારણ પાણી વિના જીવન જીવન નથી... એની ખુબ જ જરૂરી છે..

વર્ષ ૨૦૧૮-૧૯ના એસ.એસ.સી., એચ.એસ.સી. તથા કોલેજ કક્ષાના ના રીઝલ્ટો આવી ગયા છે, તો માંગેલ સમય મર્યાદામાં અને માંગેલ માહિતી પ્રમાણે નવયુગ મળે તુરત મોકલી આપવા વિનંતી છે...

ટી.વી.બોક્ષને લોકોએ ઇડીયટ બોક્ષની ઉપમા આપી હતી. આજે એનું સ્થાન મોબાઇલે લઇ લીધું છે. આજે ઘરે જુઓ, ગાર્ડનમાં જુઓ, મોલમાં જુઓ, મિટિંગમાં જુઓ કે ધાર્મિક કે લગ્ન પ્રસંગનો માહોલ માણવાને બદલે મોબાઇલની ટચ સ્ક્રીનમાં વ્યસ્ત છે. આજે આપણે ન્યુઝ પેપર કે તેની પૂર્તિ કે નોવેલ કે નવલિકા વાંચવાનો આનંદ ગુમાવી ચુકયા છે મિત્રો કે સંબંધીના ફોનનંબર, બર્થડે કે એનીવર્સરી યાદ રાખવાનું ભુલી ગયા છીએ... આનુ કારણ પણ મોબાઇલ જ છે..હા.. મોબાઇલમાં બર્થડે કે એનીવર્સરી વીશ કરવાનું ભુલ્યા નથી... મોબાઇલને લીધે સમાજના કામો, સોસાયટીના કામો અરે.. ઘરના કામો માટે પણ સમય મળતો નથી તો જરા વિચારો... આપણે ધીરે ધીરે ઘરથી.. સબંધોથી... કાર્યોથી દુર થઇ રહ્યા છીએ.... તો જરા પાછા વળીએ... અને ફરી સબંધોની,,, પ્રસંગોની,,, લાગણીઓની મઝા માણી એ....


પલ્લવીબેનના હાસ્ય લેખો કે નવલિકાની મઝા આપણે કોઇ કોઇવાર નવયુગ દ્વારા માણીએ જ છીએ.. એમની નવી આવૃતિ ‘દેવદૂત’ નવલિકાની પ્રકાશન વેળાએ ખૂબ ખૂબ અભિનંદન... પ્રસંગોપાત આપણે ‘દેવદૂત’ની નવલિકાઓ પણ નવયુગ દ્વારા માણીશું.... ફરી એક વાર ખૂબ ખૂબ અભિનંદન...

અસ્તુ.... દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી

મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સે.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

ઉનાળો અસ્તાચળે છે અને વર્ષાના આગમનની સૌ રાહ જોઈ રહ્યા છે, ઈવન સરકાર પણ. આ ચોમાસુ ૯૦%થી ૧૦૦% થાય એવી પ્રાર્થના.. ગુજરાત જ નહી દેશના ઘણા પ્રદેશોમાં પાણીની સમસ્યા વિકટ બનતી જઇ રહી છે, પીવાનું પાણી ઉપલબ્ધ નથી આખી દુનિયામાં પાણીના જથ્થામાં પીવા લાયક પાણી માત્ર અને માત્ર ૧% છે બાકીનું કયાં તો દરિયાનું ખારું પાણી અથવા ઉંચા પર્વતો પર અને ધ્રુવ પ્રદેશ પર બરફ સ્વરૂપે છે. આપણે હજી કયાં સુધી અન્ય પર આધાર રાખીશું ? આપણે વોટર રીચાર્જ અને ભૂગર્ભ પાણીના ટાંકા બનાવી વરસાદનું પાણી નદી અને ત્યાંથી દરિયામાં જતુ અટકાવી વોટર લેવલ ઉંચુ લાવવુ જ રહ્યું. નાસાના રીપોર્ટ મુજબ ભારતના ઉત્તર તરફના રાજ્યોમાં ભૂગર્ભજળ સુકાય ગયા છે અથવા આવતા થોડા વર્ષોમાં સુકાય જશે. ૨૦૪૦ સુધીમાં ભારત પાણીની તંગીનો સામનો કરતા દેશોમાં આગળ હશે. આપણે તો જીવી જઇશું પણ આપણી આવતી પેઢીનું શું ? ? એક અન્ય ઉપાય છે. વૃક્ષો વાવવાનો... શરૂઆત આપણાંથી જ કરીએ. એકમ/સ્વયં/મહિલા મંડળ ને મીનીમમ ૧૦ વૃક્ષ રોપવા આહ્વાન છે..

મહામંડળે છેલ્લા થોડા વખતમાં બે દાતા ગુમાવ્યા છે.. સુરતના સ્વ. અનિલકુમાર ઉત્તમરામ મારફતિયા અમેરિકા ફરવા ગયા હતા ત્યાં અવસાન થયું, તો સુરતના જરીવાલા પરિવારના મોભી એવા સ્વ. બાલકૃષ્ણ સાકરલાલ જરીવાલા અક્ષરધામ નિવાસી થયા. બન્ને મહામંડળના દાતા હતા અને કયારેય તેઓને ત્યાં એકવાર ડોનેશન માટે ગયા બાદ બીજીવાર જવુ નથી પડયું. સામેથી ડોનેશન આપનાર બન્ને દાતાઓના આત્માને ઇશ્વર શાંતિ આપે તેવી પ્રાર્થના.

પાછલા અંકમાં મહામંડળની કારોબારી દ્વારા મંજુર બંધારણ સૌના અભ્યાસ અને સુચન માટે પ્રકાશિત કરવામાં આવ્યું છે, બંધારણ એવા દસ્તાવેજ છે કે જેના ઉપર સમાજનું ભાવી અને કાર્ય અવલંબે છે, તો તમામ એકમો અને સૌના અભિપ્રાયની અપેક્ષા. આ બંધારણ આવતા ૨૦ વર્ષ માટે છે એમ સમજીને સુચન મોકલશો..

આપણા સમાજના હાસ્ય લેખીકા એવા પલ્લવીબેને હાલમાં હાસ્યને છોડી નવલીકા પર હાથ અજમાવ્યો અને તેઓનું ૭મું પુસ્તક 'દેવદૂત' નવલીકા સ્વરૂપે પ્રકાશિત થયું. યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયુ, તા. ૨૦.૦૬.૨૦૧૯ના રોજ મુંબઇ (સાંતાક્રુઝ) મુકામે સાહિત્ય સંસદમાં તેઓના હાસ્ય લેખો અને વાર્તા પઠન નો ખાસ કાર્યક્રમ આયોજિત થયો. હાર્દિક અભિનંદન..

જે વ્યકિત અથવા એકમ સમાજ સુરક્ષાના નાણાં કાયરેકટ બેન્કમાં જમા કરાવે તો તેની વિગત સમાજ સુરક્ષાના પ્રમુખશ્રી નવિનભાઈ સી. પંચોલી-વ્યારાને અચુક મોકલે. અને તમામ સભ્યોને ભૂલ્યા વિના પોતાનો ફાળો નિયત સમય મર્યાદામાં જમા કરાવવા ખાસ વિનંતી છે, વર્ષો વરસ સમાજ સુરક્ષાનું વળતર વધી રહ્યું છે, તો વધુમાં વધુ સભ્યો બની લાભ લેવા વિનંતી. જે સભ્યો પોતાનો વાર્ષિક ફાળો જમા નથી કરાવતા તેઓનું સભ્યપદ આપો આપ રદ થવાને પાત્ર છે, જેની ખાસ નોંધ લેશો..

આપના એકમના સમાચાર, મિટિંગના અહેવાલ કે અન્ય સમાચાર વેબ સાઇટ પર મુકવા વેબ સાઇટના એડમીન શ્રી પ્રતિકકુમાર પી. પંચોલીને ઇ-મેલ કરવા વનંતી.

અંતમાં ગીતા વાકય
શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે
મારા પર સંપૂર્ણ ભરોષો રાખ...
પણ એવું કયાંય નથી કહ્યું કે..
મારા પર ભરોષો રાખી બેસી રહો....

અસ્તુ

# મહિલા સંગઠન



મહિલા સંગઠન ની સર્વે બહેનોને વર્ષાના વધામણાં. ઉનાળાની કાળઝાળ ગરમીથી ત્રસ્ત થયેલી સર્વે બહેનોને વર્ષાના આગમનથી થોડી રાહત થઇ હશે. જાન્યુઆરીથી જુન મહિના સુધીના બધા પ્રોજેક્ટ્સ સૌ એકમોએ સરસ રીતે પુરા કર્યા. સુરત એકમની શરુઆત સારી રહી. મુંબઇ એકમ પણ આ વર્ષે અમૃત મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. જાણી આનંદ થયો. આનંદની વાત એ છે કે આપણા મહિલા સંગઠનની વડોદરા એકમની બહેન શ્રીમતિ સુરેખાબેન ભરતભાઈ પંચોલીનું નેશનલ લેવલ આર્ટ કોમ્પીટીશન મુંબઇમાં ' કલા તપસ્વી ' એવોર્ડ અને દિલ્હીનો 'અવંતિકા' અટલ સન્માન એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું. સુરેખાબેનને મહિલા સંગઠન તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

આપ સૌ આગામી છ માસ એટલે કે જુલાઇ થી ડીસેમ્બર સુધીના પ્રોજેક્ટ્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા હશો. તો ચાલો તૈયાર થઇ જાઓ. સતત વધી રહેલા ધરતીના તાપમાન માટે આપણે હંમેશા ગ્લોબલ વોર્મિંગને દોષ આપીએ છીએ. પણ એ માટે જરૂરી આપણા યોગદાન શું ? તે તો વિચારતાં જ નથી. તો ચાલો વર્ષાનાં વધામણાં સાથે......

૧) જુલાઈ માસમાં વૃક્ષારોપણ કરીશું અને મકાઈની નિતનવી વાનગીઓ બનાવીશું.

૨) તહેવારોનો મહિનો એટલે ઓગષ્ટ ( શ્રાવણ ) આ માસમાં ૧૫મી ઓગષ્ટ, રક્ષાબંધન તેમજ જન્માષ્ટમીની ઉજવણી સાથે મહેંદી હરિફાઈ કરીશું.

૩) શ્રાવણ શરુ થતાં તહેવારોની વણઝાર શરુ થઇ જાય છે. તો સપ્ટેમ્બર મહિનામાં શિક્ષક દિનની ઉજવણી સાથે ગણપતિદાદાના પ્રિય, જાતજાતના સ્વાદિષ્ટ લાડુ બનાવીશું. પણ પિતૃઓને યાદ કરવાનું ભુલાય નહિ.

૪) ઓકટોબર માસ એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ દિવસ. તેની ઉજવણી કેમ ભુલાય? સાથે સાથે માતાજી ના ગરબા એટલે નવરાત્રિ. દુનિયાનો સહુથી લાંબો તહેવાર. માતાજીની આરાધના સાથે દાંડિયા અને આરતી થાળીની સજાવટ કરીશું. સાથે જ દીવા શણગાર ,રંગોળી અને તોરણ મેકિંગ. પણ આ બધી ઉજવણીમાં સરદારને ભુલતા નહી.

૫ ) નવેમ્બર એટલે બાળકોના વહાલા ચાચા નહેરુનો જન્મદિવસ. બાળદિનની ઉજવણી સાથે બાળકોના વિકાસને લાગતાં થોડા કાર્યો માં સહભાગી થઈશું અને અંતે વિદાય થતા વર્ષ નો મહિનો એટલે ....

૬ ) ડીસેમ્બર માસમાં સલાડ ડેકોરેશન , કેક અને કાર્ડ મેકિંગ સાથે વિદાય થતાં વર્ષને બાય બાય કરીશું.

અંતે સૌ બહેનોને ફરી કહેવાનું કે આમાં જણાવેલા પ્રોજેક્ટ એક રૂપરેખા છે. તમે તેને અનુલક્ષીને તમારી રીતે બીજા વધારેના પ્રોજેક્ટ્સ કરીને તમારી વિવિધતા દર્શાવી શકો છો. આપ સૌના સહકારની અપેક્ષા સાથે વિરમું છું.

અધ્યક્ષ : શોભા કિશોરભાઈ મિસ્ત્રી – બીલીમોરા
કૉ ઓડિનેટર : જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી – વડોદરા

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## સામાન્ય સભા

**આ વર્ષની સામાન્ય સભા સુરત મુકામે યોજાશે....**
**સમય, સ્થળ પાછળથી જણાવવામાં આવશે.**

આપના એકમના એજન્ડા
**તા. ૨૦.૦૭.૨૦૧૯**
સુધીમાં મહામંત્રીશ્રીને નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.


**એજન્ડા મોકલવાનું સરનામું**
મહામંત્રીશ્રી
**શ્રી નિશકાંત બી. મિસ્ત્રી**
૩૩, દેવદીપ સો. સરગમ શોપીંગ
સેન્ટર સામે, પાર્લે પોઈંટ, સુરત-૭
મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

## WEL COME...OUR LIFE



**NAME- AARY SIDDHARTH PACHCHIGAR**
**BIRTH DATE- 16//06/2019**
FAHER - SIDDHARTH. P. PACHCHIGAR
MOTHER - Dr. FALGUNI. SIDDHARTH. PACHCHIGAR
( NEW ZEALAND )
DADI - ANJALI. P. PACHCHIGAR
DADA - PARESH. R. PACHCHIGAR
( VYARA )

## PanchoShaadi



Name : Chirag J. Pancholi
Date of Birth : 20th July 1992
Time : 1.10 pm
Education : Dip. Mech.Engg./
: B.Tech-Mech Engg.
Job : NBC Bearing Ind.Ltd. as QA/QC Officer
Hoby : Travelling, Music, Games, Watching Movie, Visiting Historical Places
Mother : Vinodben J. Pancholi
Address : 203, Vedant Complex, Opp. Revapark Garden, Waghodiya Road, Vadodara-390 019
Contact No. :
Vinodben : +91-72111 04303
Chirag : +91-75672 43303

સાદો મંગળ છે.. જન્માક્ષરમાં માને છે..

## આંતર રાષ્ટ્રીય યોગ દિવસનો મારો અનુભવ

દસેક વર્ષ પહેલા ઘૂંટણમાં દુખાવો શરૂ થયો અને તરત એકદમ વધી ગયો. ઓર્થોપેડિક ડોકટર પાસે ગયા. દવાઓ ને રાહત. છ મહિના ચાલ્યું.

ફરી દુખાવો શરૂ. ફરી ડોકટર ને દવાઓ. એક વર્ષ રાહત.

એ જ મુસીબત ફરી આવી. આ વખતે હું નેચરોપથીમા ગઇ. દસ દિવસ ટ્રિટમેન્ટ અને રાહત, જે બે વરસ ચાલી. (આહાર વિહારની બધી પરેજી ન પાળી શકાઇ)

ફરી દુખાવો આવ્યો ત્યારે એક્યુપંક્ચરનો સહારો લીધો. એક્યુપંક્ચરના નિષ્ણાત જાણીતા હતા (સ્વ.ડો.વર્મા) અઠવાડિયાની સારવારમાં તદ્દન સારું. છ વર્ષ સુધી કોઇ ફરિયાદ નહીં.

અને પાછું ઉપડ્યું. હવે એલોપથીના શરણે ગઇ. ચાર ઓર્થોપિડિક સર્જનની સલાહ - ની રિપ્લેસમેન્ટ કરવું જ પડશે. કોઈકે તાત્કાલિક તો કોઈકે કહ્યું, છ મહિના ચાલશે પણ કરાવવું તો પડશે જ. દવાઓથી તરત તો રાહત મળી. નીચે બેસવાની, પલાંઠી વાળવાની મનાઇ વગેરે ખરું જ.

એ પછી મારી મિત્ર કિન્નરીએ મને એક યોગ ટીચરનું સૂચન કર્યું. એક મહિનો ઘરે ટયુશન રાખ્યું.

આજે એ વાતને છએક મહિના થયા. દવાઓ બંધ છે. પગ ઘૂંટણ બિલકુલ નોર્મલ છે. કોઇ જ જાતનો દુખાવો નથી. એકધારું બે થી ત્રણ કલાક આરામથી ચાલી શકું છું. પલાંઠી વાળી શકું છું.

હા, એક વાત ખરી કે યોગ પ્રાણાયામમાં એક દિવસ પણ રજા નથી પાડતી. ત્રીસેય દિવસ કે એકત્રીસેય દિવસ એ તો કરવાનું જ...

જય હો ભારતીય યોગ પ્રણાલીનો.. વંદન યોગ ને.

(નોંધ- મને યોગા બોલવું કે સાંભળવું ગમતું નથી. અંગ્રેજોને રામ કે કૃષ્ણ બોલતા ન આવડતું એટલે રામા ને કૃષ્ણા કહેતા. એમ જ યોગા થયું. આપણને તો આવડે છે યોગ બોલતા.)

સંકલન અને સાભાર : લતા હિરાની

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત**
**શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર-સ્વયં ગ્રુપ-અંકલેશ્વર આયોજિત**

# आकांक्षा-3

## થીમ : કલ આજ ઔર કલ

**સ્થળ :**
મા શારદા ભવન,(એ.સી.હોલ)
જીનવાલા કમ્પાઉન્ડ, અંકલેશ્વર

**રજીસ્ટ્રેશન ફી : રૂા. ૨૦૦/-**
હાજર રહેનાર દરેક વ્યકિતએ
રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**સમય :**
તા. ૨૯.૧૨.૨૦૧૯, રવિવાર
સવારે ૦૯.૦૦ થી ૫.૦૦

**નોંધ :**
**રજીસ્ટ્રેશન તા. ૫ નવેમ્બર-૨૦૧૯** પહેલા કરાવવા વિનંતી છે. એ.સી. હોલની કેપેસીટી ૬૦૦ સીટની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.
જો ૬૦૦ રજીસ્ટ્રેશન થઈ જાય તો ૫ નવેમ્બર પહેલા પણ રજીસ્ટ્રેશન બંધ થઈ શકે છે..

(૧) સ્વયં ગ્રુપમાં મનોરંજન પોગ્રામ રજુ કરનાર દરેક સ્વયં ગ્રુપને રૂા. ૨,૧૦૦/- પ્રોત્સાહન રકમ અંકલેશ્વર એકમ તરફથી.
(૨) મહામંડળના જે એકમમાંથી સૌથી વધુ રજીસ્ટ્રેશન આવશે તે એકમને રૂા. ૧,૫૦૦/- પ્રોત્સાહન રકમ.

### આકાંક્ષા-૩ના મુખ્ય આકર્ષણો

(૧) **સ્વયં સુપર સ્ટાર**.... સ્વયં ગ્રુપને પોગ્રામ રજુ કરવા ૧૦ થી ૧૨ મિનિટ સમય મર્યાદા
(જેમાં ગ્રુપ ડાન્સ, નાટક, મનોરંજન પોગ્રામ)

(૨) **કલ - આજ ઔર કલ**... ફિલ્મી સરગમ.. દરેક સ્વયં ગ્રુપના ૩ સભ્યો ભાગ લઈ શકશે..
શરૂથી વર્ષ ૧૯૮૦, ૧૯૮૧ થી ૨૦૦૦ અને ૨૦૦૧ થી અત્યાર સુધીના ફિલ્મીગીતોના કારવાં....

(૩) **મહિલા મંડળ :**
**વકતૃત્વ સ્પર્ધા :** દરેક મહિલા મંડળમાંથી એક એન્ટ્રી-સમય મર્યાદા ૩ મિનિટ
વિષય : (૧) સ્વચ્છતામાં પ્રભુતા (૨) વ્યસન મુકત સમાજ (૩) આપણો સમાજ - કલ- આજ ઔર કલ

(૪) **મોનો એકટીંગ :** (ડ્રામેબાજ) સમય ૧.૫ મિનિટ દરેક મહિલા મંડળમાંથી બે એન્ટ્રી

(૫) **વન મિનિટ ગેમ અને મનોરંજન –** અપરણિત યુવક- યુવતિઓ માટે

(૬) **થીમ બેઝ ફેશન શો....**(Save Earth - Go Green)
(I) Mr. Pancholi (II) Miss Pancholi (III) Mr. & Mrs. Pancholi

(૭) **આરોગ્ય : હાર્ટ એટેક** - ડાયાબીટીસ અંગે પ્રેઝન્ટેશન-ડો. મહેશભાઈ મિસ્ત્રી

(૮) **સ્વયં ડીસ્પ્લે :** સ્વયં ગ્રુપની પ્રવૃત્તિના ફોટોગ્રાફસ ડીસપ્લે કરી શકાશે એવી વ્યવસ્થા.

(૯) **વિશિષ્ટ સન્માન :** કોઈપણ એકમમાં નેશનલ કે રાજ્યકક્ષા લેવલે કરેલ વિશિષ્ટ પ્રગતિ કરી ખ્યાતિ મેળવનાર કે જેની માહિતિ એકમ દ્વારા આવશે તેનું સન્માન કરવામાં આવશે.

(૧૦) **નિબંધ સ્પર્ધા :** આગામી ૧૦ વર્ષમાં પંચોલી સમાજને વાયબ્રન્ટ બનાવવાના સુચનો માટે નિબંધ સ્પર્ધા...
**(૧) મહિલા મંડળ** - વાયબ્રન્ટ મહિલા મંડળ **(૨) સ્વયં ગ્રુપ** - વાયબ્રન્ટ સ્વયં ગ્રુપ
**(૩) બધા માટે**- વાયબ્રન્ટ પંચોલી સમાજ

૫૦ થી ૬૦ લીટીમાં કાગળની એક બાજુએ સ્વચ્છ અને સુંદર અક્ષરે લખી તા. ૫ નવેમ્બર પહેલા મોકલવા..

(૧૦) **ચિત્ર સ્પર્ધા :** બધા માટે આકર્ષક મનપસંદ કલર ફુલ ચિત્ર A/4 સાઈઝના કાગળમાં દોરી તા. ૫ નવે. સુધીમાં મોકલવા

વિજેતાઓને પોગ્રામમાં ઈનામથી નવાજવામાં આવશે. વિજેતા કૃતિ નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે..

અત્યારે આપ સૌની આકાંક્ષા પુરી કરવાના ધ્યેય સાથે વધુને વધુ સભ્યો ભાગ લે તે માટે આયોજન કરેલ છે.

**દરેક પોગ્રામની એન્ટ્રી, પોગ્રામમાં ભાગ લેનારના નામો, તથા ગ્રુપ ડાન્સની, મ્યુઝીકની સી.ડી. તા. ૫ નવેમ્બર પહેલા સત્વરે મોકલવી.**

**તા. ૨૯.૧૨.૨૦૧૦ના રોજ હજુ પણ ઘણાં સરપ્રાઈઝ પોગ્રામ વિચારેલ છે...**

**આપના સજેશનો આવકાર્ય છે...**

**એન્ટ્રી, સીડી. તથા આપનું ડોનેશન કે સ્પોન્સરશીપ મોકલવા માટેનું સ્થળ :**

**ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી**

એ-૫૪, અંબે ગ્રીન સોસાયટી, સનાતન સ્કૂલની પાસે, વાલીયારોડ, અંકલેશ્વર. મો. ૯૭૨૭૯૪૭૩૦૦

**સ્પોન્સરો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **મુખ્ય યજમાન** | : | **રૂા. ૪૧,૦૦૦/-** | **સેલ્ફી કોર્નર** | : | **૧૧,૦૦૦/-** |
| **વેન્યુ સ્પોન્સર** | : | **૨૧,૦૦૦/-** | **મ્યુઝીક સીસ્ટમ સ્પો.** | : | **૧૧,૦૦૦/-** |
| **પ્રાઈઝ સ્પોન્સર** | : | **૧૧,૦૦૦/-** | **વિડીયોગ્રાફી સ્પો.** | : | **૧૧,૦૦૦/-** |
| **ભોજન સ્પોન્સર** | : | **૧૧,૦૦૦/-** | **બેનર, એડવેટાઈઝ** | : | **૧૦,૦૦૦/-** |
| **ચાહ-નાસ્તા સ્પોન્સર** | : | **૫,૦૦૦/-** | | | |

**સર્વેને ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે..**

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રીમતિ મુદૃલા મિસ્ત્રી પંચોલી-સ્વયં અધ્યક્ષા
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**પથદર્શક**

ડો. મહેશ એમ. મિસ્ત્રી, પારસ એમ. મિસ્ત્રી
નિતિન એમ. પંચોલી, નિલેશભાઈ એસ. મહેતા

ડો. વિસ્મય એમ. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી અજય સી. પંચોલી-મંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર

કુ. ક્રિના પી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી ધવલ આર. મિસ્ત્રી-મંત્રી
સ્વયં ગ્રુપ-અંકલેશ્વર

પોગ્રામ કન્વીનર
શ્રીમતિ અમિષા અજયભાઈ પંચોલી
અંકલેશ્વર

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા '**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક
અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ

# વાર્ષિક સામાન્ય સભા-વર્ષ ૨૦૧૮-૧૯





વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તા. ૯.૦૬.૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે પંચોલી વાડી વ્યારા ખાતે વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધીના પ્રમુખપદે મળી હતી. જેમાં વ્યારાના ૪૦૦ સભ્યો હાજર રહ્યા હતાં. એજન્ડા મુજબ નીચેના કાર્યો થયા હતાં.

સામાન્ય સભાની શરૂઆત નેશનલ એન્થમ સાથે સૌ જ્ઞાતિજનો પોતાના સ્થાન પર ઉભા રહી રાષ્ટ્રગીત ગાઇ દેશને સન્માન આપ્યું હતું.

**એજન્ડા : ૧** - દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ.. વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના મંત્રીશ્રી દિવ્યેશભાઇએ ગત સામાન્ય સભાથી અત્યાર સુધીમાં વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજમાં ચાર જ્ઞાતિજનો દેવલોક પામ્યા હતાં.
(૧) સ્વ. દિનેશભાઇ નાથુભાઇ પંચોલી-૦૨.૧૦.૨૦૧૮
(૨) સ્વ. જયેશભાઇ રમણભાઇ પંચોલી-૦૯.૧૨.૨૦૧૮
(૩) સ્વ. ચંદ્રિકાબેન ગમનલાલ પંચોલી-૨૬.૧૨.૨૦૧૮
(૪) સ્વ. પદમાબેન કાંતિલાલ પંચોલી-૦૧.૦૨-૨૦૧૯.. સર્વે દિવંગત આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી હતી.

એજન્ડા : ૨ ગત સામાન્ય સભાના ઠરાવોનું વાંચન અને બહાલી આપવા બાબત - સ્હમંત્રીશ્રી અંકિત એચ. પંચોલીએ ગત સામાન્ય સભાના ઠરાવોનું વાંચન કર્યુ જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી.

**એજન્ડા : ૩** સને ૨૦૧૮-૧૯ના વર્ષનું મંત્રીશ્રીનું નિવેદન મંજુર કરવા બાબત - મંત્રીશ્રી દિવ્યેશભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૮-૧૯ના પોતાના નિવેદનમાં જણાવ્યું કે સમાજ ટ્રસ્ટનું સરવૈયુ અને આવક-જાવક જોતા લાગશે કે ટ્રસ્ટના બંધારણના ઉદ્દશયને ધ્યાનમાં લઇ વિવિધ સામાજિક હેતુઓને સ્પર્શતા ખર્ચાઓ કરવામાં આવ્યા છે.

દિવ્યેશભાઇએ જણાવ્યું કે વ્યાજના દરમાં સરકારશ્રી દ્વારા સતત ઘટાડો થાય છે, તો આપણે આવકના બીજા સ્તોત્ર વિશે પણ વિચાર કરવો જોઇએ.

'બધાને જોઇતા હોય છે ગાડી, બંગલા, પૈસા અને ઇજ્જત
પણ સમાજને જોઇએ છે તમારો સમય.
અનુભવીઓનું કહેવું છે કે આ સમયની રમાયેલી
એવી હોળી છે જે ધીમેથી ભુલાશે...
પણ મારું એવું માનવું છે કે સમાજની લાગણીઓનો
નથી એટલો કાચો રંગ, સમાજને જોઇએ છે તમારો સમય.
જો થાય તો માફ કરજો મને કેમકે મારા સ્વભાવનો
નથી કોઇ ઢંગ, સમાજને જોઇએ છે સમય...

સુંદર પંકિત સાથે ત્રણ વર્ષ દરમ્યાન મંત્રીશ્રીએ ટ્રસ્ટી મંડળ, કાર્યકરો, કારોબારી સભ્યો, સ્વર યુથના સભ્યો, પ્રગતિ મહિલા મંડળના સભ્યો, દાતાશ્રીઓ અને વાડીના મેનેજર શ્રી વિજયભાઇ ગાંધી અને સૌ જ્ઞાતિજનો નો આભાર માન્યો હતો. મંત્રીશ્રીના નિવેદનને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી.

**એજન્ડા : ૪** - સને ૨૦૧૮-૧૯ના વર્ષના ઓડિટ ગયેલા હિસાબો મંજુર કરવા બાબત
વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના મંત્રીશ્રી દિવ્યેશભાઇ પંચોલીએ સભા સમક્ષ ટ્રસ્ટના આવક જાવકના હિસાબો તથા સરવૈયુ રજુ કર્યુ હતું. જેમાં
મેડિકલ સહાય ૧,૦૨,૫૦૨.૦૦/-
શૈક્ષણિક સહાય : ૨,૦૫,૩૫૦.૦૦/-
સામાજિક સહાય ૩,૨૬,૬૯૪.૦૦/-
સુસ્કૃતિક સહાય૩૪,૦૩૦.૦૦/- વિગેરે સહાય તથા આવકના હિસાબો રજુ કર્યા હતા જેને સભાએ સર્વાનુમતે

બહાલી આપી હતી.

**એજન્ડા : ૫** પ્રમુખશ્રીનું નિવેદન તથા પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કાર્યો.

વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના પ્રમુખશ્રી એ 'સહુનો સાથ સહુનો વિકાસ' અંતરગત ૩ વર્ષ પહેલા સમાજના પ્રમુખ તરીકે ની પોતાની યાત્રા શરૂ કરી હતી, ૩ વર્ષ કયાં પૂર્ણ થયા તે ખબર પણ ન પડી. સમાજે ૬૬ વર્ષની લાંબી મંજિલ કાપી છે, જેમાં કેટ કેટલો તડકો છાંયડો જોયો છે. તથા ત્રણ વર્ષ દરમ્યાન સમાજમાં ઉપયોગ કાર્યો થયા હતા તેની ઝલક સભા સમક્ષ રજુ કરી. ત્રણ વર્ષના કાર્યકાળમાં જેમણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરી એ બધાને વંદન કર્યા હતાં. અંતમાં એક બનો, નેક બનો, અને સમાજને ઉપયોગી બનો'નો નારો આપી પોતાનું નિવેદન પૂર્ણ કર્યુ હતું.

**એજન્ડા : ૬** – વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના નવા હોદ્ધેદારોની વરણી

વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધીએ પોતાની ટીમને ખારીજ કરી અને સમાજમાં કાર્યકારી પ્રમુખ તરીકે સમાજના ટ્રસ્ટી શ્રી મનિષભાઇ પંચોલીને નવા હોદ્ધેદારોની વરણી કરવા જણાવ્યું હતું. કાર્યકારી પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલીએ સભા સમક્ષ રજુઆત કરી કે સમાજના હોદ્ધેદારોની મુદત ત્રણ વર્ષને બદલે પાંચ વર્ષ હોવી જોઇએ જે સભાએ સર્વાનુમતે મંજુર કર્યુ. સમાજના સક્રિય કાર્યકર શ્રી સુમનભાઇ મિસ્ત્રીએ રજુઆત કરી હતી કે સમાજમાં ઉપપ્રમુખ તરીકે બે હોદ્ધેદારો અને મંત્રીશ્રી સાથે ખજાનચી પણ હોવા જોઇએ એવી રજુઆત કરી હતી. જેને સભાએ સર્વાનુમતે મંજુર કર્યુ હતું. અંતે પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના નવા હોદ્ધેદારો તરીકે

શ્રી ભરતભાઇ સી. પંચોલી-પ્રમુખ
શ્રી નવિનભઇ વી. પંચોલી-ઉપપ્રમુખ
શ્રી નિતિનભાઇ એમ. ગાંધી-ઉપપ્રમુખ
શ્રી મનિષભાઇ એમ. પંચોલી-મંત્રી
શ્રી દિવ્યેશ પંચોલી-ખજાનચી
શ્રી અંકિત એચ. પંચોલી-સહમંત્રી

ની સભાએ આગામી પાંચ વર્ષમાટે વરણી કરવામાં આવી હતી. નવા હોદ્ધેદારોએ સભાનો આભાર માની સભાની પૂર્ણાહૂતિ સરસ ભોજનની મજા સાથે કરી હતી.

## શ્રી પંચોલી સેવા સમાજ-પાવી જેતપુર



તા. ૧૮.૦૬.૨૦૧૯ને મંગળવારે પાવી જેતપુર એકમની મિટિંગ એકમના અધ્યક્ષશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના અધ્યક્ષપણા હેઠળ મંત્રીશ્રી નિમેશકુમાર શંકરભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાત્રે ૯.૦૦ કલાકે એકમના સભ્યો, બહેનો તથા બાળકો હાજર થવાથી સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

તા. ૨૬.૦૯.૨૦૧૯ના રોજ ભરાયેલી મિટિંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું. જેની આજની સભાએ બહાલી આપે છે.

ગત સભાબાદ એકમમાં થયેલ આવક-જાવકના હિસાબોનું વાંચન કરવામાં આવ્યું. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

તા. ૨૬.૦૯.૨૦૧૮ના રોજ શાળાના બાળકોને આપવામાં આવેલ શૈક્ષણિક કીટસનું બીલ આજની સભામાં વંચાણે લઇ રૂા. ૮૭૨/- તથા ચાલુ સાલના રૂા. ૯૪૬/-ની રકમ નિમેશભાઇને આપવા માટે આજની સભામાં પ્રમુખશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

સહમંત્રી શ્રી કનુભાઇના માતુશ્રી પૂ. મધુબેનના અવસાન નિમિત્તે બે મિનિટ મૌન પાળી તેઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

આજરોજ એકમનો ફાળો, નવયુગ ફાળો તથા શૈક્ષણિક કિટ વિતરણ અંગેનો કાર્યક્રમ રાખેલ હોવાથી આજની સભામાં નીચે મુજબ ફાળો આવ્યો છે.

| નામ | એકમ | નવયુગ | શૈક્ષ. | કુલ |
|---|---|---|---|---|
| નટુભાઇ ગોરધનભાઇ પંચોલી | ૧૦૦ | ૧૫૦ | ૩૦૦ | ૭૫૦ |
| ગણપતભાઇ ભટાભાઇ પંચોલી | ૧૦૦ | ૫૦ | - | ૧૫૦ |
| ગોપાલભાઇ ભટાભાઇ પંચોલી | ૧૦૦ | ૫૦ | - | ૧૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| સ્વ. ભટાભાઇ ના સ્મરણાર્થે | - | - | ૩૫૦ | ૩૦૦ |
| કનુભાઇ હિંમતલાલ પંચોલી | ૧૦૦ | ૫૦ | ૨૦૦ | ૩૫૦ |
| હરીવદનભાઇ લલ્લુભાઇ પંચોલી | ૧૦૦ | ૫૦ | ૧૦૦ | ૨૫૦ |
| સ્વ. મનિષાબેનની પુણ્યતિથિ | ૧૦૦ | - | - | ૧૦૦ |
| અરવિંદભાઇ પરસોત્તમદાસ પંચોલી | ૧૦૦ | ૫૦ | - | ૧૫૦ |
| શંકરલાલ અંબાલાલ પંચોલી | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| શંકરલાલ ચીમનલાલ પંચોલી | ૧૦૦ | ૫૦ | - | ૧૫૦ |
| ગજેન્દ્રભાઇ પરસોત્તમદાસ પંચોલી | ૧૦૦ | ૫૦ | ૧૦૦ | ૨૫૦ |

બાકી રહેલ સભ્યોને ફાળો આપવા માટે વિનંતી કરવામાં આવી.

નીચે મુજબના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું.

કાવ્ય નિમેશભાઇ પંચોલી-શૈક્ષણિક કીટ, ચોપડા-પેન્સીલ
જૈનિલ ભુપેન્દ્રભાઇ પંચોલી ,, ,,
તનય હિરેનભાઇ પંચોલી ,, ,,
યક્ષ ગજેન્દ્રભાઇ પંચોલી ,, ,,
કાવ્યા અલ્પેશભાઇ પંચોલી શૈક્ષણિક કીટ, ચોપડા-પેન
અત્રી નિમેશભાઇ પંચોલી ,, ,,
ફાલ્ગુની વિઠ્ઠલભાઇ પંચોલી ,, ,,

અંતે પંચોલી ભુરીબેન નટુભાઇ પંચોલીએ સુંદર ભજન ગવડાવ્યું. પધારેલ તમામ સભ્યોને ચ્હા-નાસ્તાનો અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી . ત્યારબાદ છુટા પડ્યા.

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર




તા. ૯.૦૬.૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે શ્રવણ વિદ્યાભવન, કેશવપાર્ક અંકલેશ્વર ખાતે શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર, સ્વયં ગ્રુપ અંકલેશ્વરની વાર્ષિક મિટિંગ, મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રથમ સર્વે સભ્યોનું જમરૂખના જ્યુસથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પ્રવકતા દિનેશભાઇ મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર એકમના પ્રમુખ ડો. વિસ્મયભાઇ, મંત્રી અજયભાઇ પંચોલી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેન અને મંત્રી સોનલબેન પંચોલી, સ્વયંગ્રુપ પ્રમુખ શ્રીમતિ શ્રેયા મિસ્ત્રી તથા મંત્રી ધવલ મિસ્ત્રીને ડાયસ પર પોતાનું સ્થાન લેવા નિમંત્રણ આપ્યું. સૌએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યુ.

શ્રીમતિ ભાવના અને કુ. ક્રિનાની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ડો. વિસ્મયભાઇએ સ્વાગત પ્રવચન કરી વર્ષ દરમ્યાન કરેલ કાર્યો જણાવ્યા હતા. તથા આવી રહેલ આકાંક્ષા-૩ માટે સૌને તને મને અને ધને સાથ સહકાર આપવા અનુરોધ કર્યો. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેન સૌ સભ્યો બહેનોનો વર્ષ દરમ્યાન આપેલ પ્રોજેકટમાં સાથ સહકાર આપવા બદલ..આભાર વ્યકત કર્યો.

સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષના હિસાબો રજુ કરવામાં આવ્યા. જેને ચર્ચા વિચારણા બાદ મંજુર કરવામાં આવ્યા.

દરેક વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

ડો. મહેશભાઇએ અંકલેશ્વર મુકામે યોજાનાર આકાંક્ષા-૩ વિશે વિશેષ માહિતી તથા રૂપરેખા આપી હતી. કયા કાર્યક્રમો રાખવા, તથા યુવાનોને આખા દિવસ જકડી રખાય એવા પોગ્રામ કરવા માટે સુચનો આપવા અનુરોધ કર્યો.

સ્વયં ગ્રુપના પ્રમુખ શ્રીમતિ શ્રેયાના મેરેજ થઇ ગયા હોવાથી પ્રમુખ તરીકે રાજીનામુ આપતા સ્વયં ગ્રુપના પ્રમુખ તરીકે કુ. ક્રિના પારસભાઇ મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

રીવાંસી મૌલિક મિસ્ત્રી-નિલકંઠ વરણી, ધ્યાન વિસ્મય મિસ્ત્રી-દબંગ, જાનવી મલય મિસ્ત્રી, વૈષ્ણવી મિસ્ત્રી, માનસી નિલેશ પંચોલી, નિધિ હેમેન્દ્ર પંચોલી, માનવ પંચોલી તથા નિષ્ઠા જેસલ મિસ્ત્રીએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી સૌનું મનોરંજન પુરૂ પાડ્યું હતું.

સ્વયં ગ્રુપના શ્રીમતિ ખુશ્બુ અને કુ. ક્રિનાએ સ્વયં ગ્રુપના સભ્યો, મહિલા મંડળના સભ્યો તથા પંચોલી સેવા સમાજના સભ્યોને રમતગમત રમાડી આનંદ પુરો પાડયો

હતો..

૨૨૦૦ સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે વર્ષ ૨૦૧૯-૨૦ના ઇનામ વિતરણ માટે એમના પરિવારજનો તરફથી

૨૫૦૦ સ્વ. ધીરજબેન તથા સ્વ. મોબનભાઇ વલ્લભરામ મિસ્ત્રીના સ્મરણાર્થે ડો. મહેશભાઇ મિસ્ત્રી પરિવાર તરફથી નોટબુક વિતરણ માટે.

૨૦૦ સ્વ. શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી તથા સ્વ રાજેન્દ્રભાઇ નાથાલાલ મિસ્ત્રીની ત્રીજી પૂણ્યતિથિ નિમિત્તે ગં.સ્વ. ગીતાબેન રાજેનદ્રભાઇ મિસ્ત્રી

૧૦૦ શ્રી નિલેશભાઇ શનુભાઇ પંચોલી તરફથી પુત્રી કિંજલના શુભ લગ્ન નિમિત્તે.

૨૦૦ નિતિનભાઇ મગનભાઇ પંચોલી તરફથી પુત્રી નિશિના શુભ લગ્ન પ્રસંગે.

૨૦૦ નિલેશભાઇ સોમાભાઇ મહેતા તરફથી

અંતમાં સૌએ સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી છુટા પડયા.

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ અને શ્રી ઉત્તમરામ ભાણાભાઇ મિસ્ત્રી વીલ ટ્રસ્ટની સામાન્ય સભા અને વર્ષ ૨૦૧૮-૧૯માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ, બોલપેન અને રોકડ વિતરણના કાર્યક્રમનું આયોજન તા. ૯.૦૬.૨૦૧૯ના રવિવારના દિને સાંજે ૪.૦૦ કલાકે શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના હોલમાં રાખવામાં આવી હતી.

સૌ પ્રથમ મંત્રીશ્રી દિપેશભાઇ પંચોલીએ હાજર રહેલ સૌ જ્ઞાતિજનોનું સ્વાગત કર્યુ. ઉત્તિર્ણ થયેલ બાળકોને અભિનંદન પાઠવ્યા. ધો. ૧૦ અને ૧૨માં આવેલ વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે અને માત-પિતાનું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવી.

ભાવી તરંગભાઇ મિસ્ત્રી અને ઝીલ નિલેશભાઇ પંચોલીએ પ્રાર્થના રજુ કરી. શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના



પ્રમુખશ્રી જતિનભાઇ મહેતાએ પોતાના ઉદ્બોધનમાં સભામાં હાજર રહેલા સભ્યોનું સ્વાગત, ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને અને તેમના માતા-પિતાને અભિનંદન પાઠવ્યા. ગં.સ્વ. શારદાબેન ભીખુભાઇ મિસ્ત્રીની અંતિમ ઇચ્છા એમના મૃત્યુ બાદ દેહદાન કરવાની હતી પણ સંજોગવસાત એ પરીપૂર્ણ ન થઇ શકી. સમાજમાં લગ્નગ્રંથી જોડાયેલ શ્રીમતિ નિધિ અક્ષય મિસ્ત્રી તથા શ્રીમતિ શ્રેયા દિપેન મિસ્ત્રીનું સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા. આ વર્ષથી સમાજના ભણતા પાસ કે નાપાસ થયેલ દરેક વિદ્યાર્થીઓને નોટબુક તથા રોકડ સહાય આપવી. કેટલાય વર્ષોથી શ્રી તુષાત જગદીશભાઇ મિસ્ત્રી અને છાયાબેન સમાજને ઉપયોગી અને લાભના હેતુથી નોટબુક, બોલપેન અને પેન્સિલ પર વિશેષ ડિસ્કાઉન્ટ આપે છે એ માટે એમનો આભાર વ્યકત કર્યો. દર મહિને નવયુગ જ્ઞાતિજનોને મળી રહે એ માટે વિજલપુર એરિયામાં અનિષભાઇ પંચોલી અને સીટી એરિયામાં સમીરભાઇ પંચોલીની દુકાનેથી મળી રહે એ માટે એમની સેવા માટે આભાર વ્યકત કરી એમનું વ્યકતવ્ય પૂર્ણ કર્યુ.

સદ્ગત થયેલ ગં.સ્વ. શારદાબેનને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી કરવામાં આવી.

ગં.સ્વ. શીલાબેન સતિષભાઇ મિસ્ત્રી તરફથી રૂા. ૩૦૦૦/- અને ખડસુપા (લંડન)નિવાસી શ્રીમતિ બકુલાબેન અરવિંદલાલ મિસ્ત્રી તરફથી રૂા. ૩૦૦૦/- નવસારી પંચોલી જ્ઞાતિ પંચને શૈક્ષણિક સહાય માટે આપ્યા એ માટે દાતાશ્રીઓનો આભાર વ્યકત કર્યો.

વર્ષ ૨૦૧૮-૧૦માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાથીઓને દાતાશ્રી ગં.સ્વ. શીલાબેન સતિષચંદ્ર મિસ્ત્રીના વરદ હસ્તે શ્રી ઉત્તમરામ ભાણાભાઇ ટ્રસ્ટમાંથી શૈક્ષણિક સહાય રૂપે નોટબુક-પેન્સિલ, બોલપેન તથા જતિનભાઇના વરદ હસ્તે રોકડ રકમનું વિતરણ કરવામાં આવ્યુ.

ખજાનચી શ્રી સમીરભાઇએ સુંદર વિચાર રજુ કર્યો કે

સમાજમાં ગુટકા, તમાકુ, સીગરેટ અને દારૂનું વ્યસન માણસને ખલાસ કરી નાખે અને કુટુંબને બરબાદ કરી નાખે. આથી આપણાં સમાજમાં જેને વ્યસન હોય તેને ત્યાં જઇ તેમને સમજાવી વ્યસન મુકત કરવાનું એક અભિયાન શરૂ કરવું જોઇએ..

જેન્ટસ અને મહિલા વચ્ચે અંતાક્ષરીનો પોગ્રામની રમઝટ શરૂ કરી. જેમાં નાના મોટા સૌએ ભાગ લીધો અને આનંદ કર્યો. અંતમાં પ્રમુખશ્રીએ સૌનો આભાર વ્યકત કરી છોલે ભટુરે - જીરા રાઇસ અને કોલ્ડડ્રીંકસનો અલ્પાહાર કરી છુટા પડયા.

આજનું દાન

| | |
|---|---|
| ૩,૦૦૦ | ગં.સ્વ. શીલાબેન એસ. મિસ્ત્રી |
| ૩,૦૦૦ | બકુલાબેન એ. મિસ્ત્રી-ખડસુપા શૈ.સહાય |
| ૩,૦૦૦ | ગં.સ્વ. વીણાબેન બી. મિસ્ત્રી-શૈ.સહાય |
| ૨,૫૦૦ | પ્રણવભાઇ એમ. પંચોલી |
| ૨,૨૨૨ | હેમંતભાઇ વી. મહેતા |
| ૫૦૦ | એ. એ. પંચોલી |
| ૨૫૦ | એસ. જે. પંચોલી |
| ૧૫૦ | અક્ષય જે. મિસ્ત્રી |
| ૧૦૦ | મુદ્રા નિકુંજ મિસ્ત્રી |
| ૧૦૧ | જતીન વી. મહેતા |
| ૧૦૧ | દિપેશ જી. પંચોલી |

# મહિલા સમાચાર

## શ્રી પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

શ્રી પંચોલી ભગીની સમાજ રાજપીપલાની મિટિંગ હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી. કેરીના બાફલાથી સૌનું સ્વાગત કર્યુ. ગણેશ વંદના અને માતાજીની સ્તુતિથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. પ્રોજેકટ મુજબ સૌ બહેનો ઘરેથી વિવિધ જાતના અથાણાં બનાવી લાવ્યા હતાં અને સર્વેએ અથાણાંની રેસીપી બતાવી હતી.

બીજા પ્રોજેકટમાં છત્રી ડેકોરેશનની સ્પર્ધા રાખી હતી. સૌથી સુદર છત્રીને હિનાબેન તરફથી ઇનામ સ્પોન્સર કરવામાં આવ્યું. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ :- પૂર્ણિમાબેન ગોવિંદભાઇ મપારા દ્વિતીય :- નયનાબેન નયનભાઇ પંચોલી તૃતીય :-ઉષાબેન મુકેશભાઇ પંચોલી તથા હિરલબેન જયેશભાઇ પંચોલી થયા હતા.

બીજો પ્રોજેકટ પર્યાવરણને લગતો હતો. જેમાં બહેનો પોતાના ઘરેથી અલગ અલગ જાતના છોડ લાવ્યા હતા. પર્યાવરણ વિશે થોડી વાતો કરી હતી. પર્યાવરણ આપણું જીવન છે અને એનું જતન આપણે કરવું જોઇએ...સૌએ અહેવાલ રજુ કર્યા.

એકસ્ટ્રા પ્રોજેકટમાં શહિદદિનની ઉજવણી અને શહિદો વિશે અહેવાલ વાંચી સંભળાવ્યો અને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી.

ધો. ૧૦માં સારા માર્કસ સાથે પાસ થનાર હેતવી હેમંતભાઇ પંચોલી ૮૯%, રીયા જયેશભાઇ પંચોલી ૮૪%, જુગલ જયેશભાઇ પંચોલી ૭૨% સાથે પાસ થયા.. સૌને મેડલ આપી સન્માનિત કર્યા.

૫૦ પૂર્ણિમાબેન ગોવિંદભાઇ મપારા-બર્થડે
૫૦ ગીતાબેન ગિરીશભાઇ પંચોલી-બર્થડે
૫૦ સ્મીતાબેન સાઘશરણ પંચોલી-બર્થડે
૧૦૦ હિનાબેન તરફથી પૌત્રી રમાડવા નિમિત્તે

નિમિત્તે દાન મળ્યું. હિનાબેને હાઉસી, લખવાની અને બોલવાની ગેમ રમાડી. બેબીને રમાડી, ભજનનો આનંદ માણી છુટા પડયા. આગામી મિટિંગ તા. ૨૦.૭.૨૦૧૯ના રોજ સ્મિતાબેનને ત્યાં રાખવાનું નકકી કરીને સ્મિતાબેને હિનાબેનનો આભાર વ્યકત કર્યો. છુટા પડયા.

તા. ૨૧ જુન યોગા ડે.. હોવાથી સર્વે બહેનો એકત્રિત થઇ ધાબા ગ્રાઉન્ડમાં સમૂહમાં યોગા કર્યા...

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત

સુરત મહિલા મંડળની મિટિંગ અને પાલ લેક ખાતે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. સૌ પ્રથમ સરથાણા ખાતે ૨૪.૦૫.૨૦૧૯ના રોજ બનેલ દુઃખદ દુર્ઘટનામાં મૃત્યુ

પામેલ વિદ્યાર્થીઓ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી.

સારા માર્કસ સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. હાઉસી અને કપલ ગેમ રમ્યા. છોલે ટીકકીનો નાસ્તો કરી છુટા પડયા.

૨૦૧ દિપ્તીબેન વિરેન પંચોલી-હેપાની સગાઇ નિમિત્તે
૨૫૧ ઉત્પેક્ષા વિરેન મિસ્ત્રી-હાર્દિકના લગ્ન નિમિત્તે
૨૦૦ મોનલ તરફથી દિકરીના ધો. ૧૨ના પરિણામ માટે
૨૦૧ શીતલ મેહુલ પચ્ચીગર-તૃષાના લગ્ન નિમિત્તે.
૧૦૦ મનિષા ધર્મેશ પંચોલી
૧૦૦ સ્નેહા પારસ મિસ્ત્રી-શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરના પ્રમુખશ્રી તરફથી.

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારાની વાર્ષિક મિટિંગ તા. ૯.૦૬.૨૦૧૯ના રોજ બપોરે ૪.૦૦ કલાકે પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. મંત્રી શ્રીમતિ હેતલબેને સમારંભમાં આમંત્રિત મહેમાનો, બહેનો તથા બાળકોને આવકાર આપ્યો તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ પારૂલબેને સર્વેને વિશેષ આવકાર આપ્યો.

પ્રમુખ શ્રીમતિ પારૂલબેને સમારંભના પ્રમુખ શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલીને, ઉપપ્રમુખ રીનલબેને અતિથિ વિશેષ ઉર્વશીબેનને ડાયસ પર આમંત્રિત કર્યા. શ્રીમતિ ભૂમીબેન તેજશભાઇએ સુંદર પ્રાર્થના રજુ કરી.

આજના સમારંભના પ્રમુખ, અતિથિવિશેષ અને આમંત્રિત મહામંડળના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સમાજના ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો, સ્વર યુથના હોદ્દેદારો સર્વેને બોલપેન આપી સ્વાગત કરવામાં આવ્યું. દરેક ને કુલ્ફી ખવડાવવામાં આવી. પારૂલબેને પ્રમુખ શ્રીમતિ કુસુમબેનનો અને ઉપપ્રમુખ રીનલબેને અતિથિવિશેષ માનનીય ઉર્વશીબેનનો પરિચય આપ્યો. સમાજના પ્રમુખ શ્રી હિતેષભાઇએ પોતાના મંતવ્યમાં જણાવ્યું કે હજુ પણ મહિલા મંડળની પ્રવૃત્તિઓમાં વધારો થાય અને પ્રગતિ મહિલા મંડળ વધુને વધુ પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી. વાર્ષિક ભોજન ખર્ચ અર્થે રૂા. ૨,૦૦૦/- મહિલા મંડળને આપવાની જાહેરાત કરી. મહિલા મંડળે શ્રી હિતેષભાઇ અને સાથી હોદ્દેદારોનો આભાર વ્યકત કર્યો.

વાયબ્રન્ટ મહિલા મંડળના પ્રોજેક્ટ અનુસાર 'તેજસ્વી તારલાઓનું સન્માન'માં એસ.એસ.સી.માં ૯૪.૩૩% મેળવી સિધ્ધિ પ્રાપ્ત કરનાર વત્સલ દર્શનભાઇ પંચોલીને મેડલ આપી સન્માનિત કર્યા. આજની સરપ્રાઇઝ પ્રિયંકાબેને રમાડી જેના વિજેતા અલ્કાબેન દર્શનભાઇ પંચોલી બન્યા. આખા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ સ્પર્ધા તથા પ્રોજેકટની ઝાંખી પ્રોજેકટર પર નિહાળી અને સાથે સાથે પારૂલબેને શબ્દોરૂપી ઝાંખી કરાવી. વર્ષ દરમ્યાન આવક-જાવકના હિસાબોની રજુઆત ખજાનચી શ્રીમતિ રંજનબેને કરી અને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. મે મહિનામાં મિટિંગ રાખી ના હોવાથી મે અને જુન માસ દરમ્યાન આવતી બર્થડે અને એનિવર્સરી વિશ કરવામાં આવી.

સંપૂર્ણ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ સ્પર્ધાઓ તથા સરપ્રાઇઝ ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું. પ્રમુખ શ્રીમતિ પારૂલબેને એક સરપ્રાઇઝ રાખી હતી જેમાં વર્ષ દરમ્યાન જે ૭૦ વર્ષથી વધુ વયના વડિલ બહેનોની હાજરી ૯૦% થી વધુ હશે તેમને પારૂલબેન ઇનામ આપશે. જેમાં સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી વિજેતા બન્યા. અંતમાં હેતલબેને દરેક વિજેતાઓને અભિનંદન પાઠવ્યા.

સમારંભના પ્રમુખ શ્રીમતિ કુસુમબેને તથા અતિથિવિશેષ માનનીય ઉર્વશીબેન વતી તેમના પૂત્રવધુ પ્રિયાબેને પોતાના પ્રતિભાવ રજુ કર્યા. શ્રીમતિ કુસુમબેન તથા ઉર્વશીબેનન પ્રગતિ મહિલા મંડળ વતી શ્રી હિતેષભાઇ ગાંધીએ સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા. મહિલા મંડળને વખતો વખત મદદરૂપ થનાર વિજયભાઇને શ્રીમતિ પારૂલબેને સ્મૃતિભેટ આપી. આભાર વ્યકત કર્યો. ત્યારબાદ હાઉસી રમ્યા. જેના વિજેતા

પ્રથમ રો : ભારતીબેન પ્રફુલભાઇ પંચોલી
દ્વિતીય રો : પ્રિયાબેન અંકિતકુમાર પંચોલી
તૃતીય રો : ચંદ્રકલાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી
ફુલ હાઉસી-૧ : નેહાબેન જેનિશભાઇ પંચોલી
ફુલ હાઉસી-૨ : ઉષાબેન સુરેશભાઇ પંચોલી

આજની મિટિંગની સરપ્રાઇઝ તથા હાઉસીના ઇનામો

ગીતાબેન ગાંધી તરફથી આપવામાં આવ્યા. પ્રમુખ શ્રીમતિ પારૂલબેનને મહિલા મંડળ વતી હોદ્દેદારોએ સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા. પારૂલબેને પોતાના વકતવ્યમાં મંત્રીશ્રી હેતલબેન, હોદ્દેદાર કારોબારી બહેનો, તથા તમામ સભ્ય બહેનો તરફથી મળેલ પ્રેમ અને આદર બદલ સર્વેનો સપ્રેમ આભાર વ્યકત કર્યો. દરેક કારોબારી બહેનોને એમના તરફથી નાનકડી સ્મૃતિભેટ આપી.

નવા વરાયેલ પ્રમુખ શ્રીમતિ રીનલબેને સહમંત્રી તરીકે સોનલબેન સુનિલભાઇ પંચોલીની નિમણુંક કરી. નવા વરાયેલા હોદ્દેદારો નીચે મુજબ છે..

પ્રમુખ : શ્રીમતિ રીનલબેન જીજ્ઞેશભાઇ પંચોલી
ઉપપ્રમુખ : શ્રીમતિ હેતલબેન ધવલકુમાર પંચોલી
મંત્રી : શ્રીમતિ પ્રિયંકાબેન અંકિતભાઇ પંચોલી
સહમંત્રી : શ્રીમતિ સોનલબેન સુનિલભાઇ પંચોલી
ખજાનચી : શ્રીમતિ રંજનબેન નવિનભાઇ પંચોલી

પારૂલબેન ગાંધીના પૂત્રવધુ શ્રીમતિ પાયલબેન હર્ષિતભાઇ ગાંધી તા. ૧૧ જુને વિદેશગમન કરી રહ્યા છે તે નિમિત્તે તેમને મંડળ વતી પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

આખા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ સ્પર્ધાઓ, પ્રોજેકટો તથા અન્ય પ્રવૃત્તિમાં જેઓ મહિલા મંડળને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયા છે તેઓનો પ્રગતિ મહિલા મંડળ ખૂબ જ આદર પ્રર્વક આભાર માને છે..

આજનું દાન
૨૦૦૦ વ્યારા સમાજ તરફથી વાર્ષિક ભોજન ખર્ચ
૨૦૦૦ કુસુમબેન શાંતિલાલ પંચોલી-પ્રમુખ પદેથી
૫૦૧ ઉર્વશીબેન અનિલભાઇ પંચોલી- અતિથિવિશેષ સ્થાનેથી
૫૦૧ પારૂલબેન હિતેષભાઇ ગાંધી -પૂત્રવધુ પાયલના વિદેશગમન નિમિત્તે.
૩૫૦ શ્રી રામુભાઇ તરફથી હસ્તે જયશ્રીબેન સનતભાઇ પંચોલી
૨૦૦ દક્ષાબેન નિતિનભાઇ ગાંધી તરફથી પુત્ર મિલાપની સગાઇ નિમિત્તે.
૨૫૧ કૃતિકાબેન કૃણાલભાઇ પંચોલી-પુત્રી કેશ્વીના જન્મ નિમિત્તે.
૧૫૦ બેલાબેન મનિષભાઇ પંચોલી-એનિવર્સરી નિમિત્તે
૧૦૧ હેમલતાબેન સુરેશભાઇ પંચોલી
૧૦૧ દક્ષાબેન મહેશભાઇ પંચોલી-બર્થડે
૧૦૧ સોનલબેન સુનિલભાઇ પંચોલી-બર્થડે
૧૦૧ પ્રવિણાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી-એનીવર્સરી
૧૦૧ ભૂમિકાબેન તેજસભાઇ પંચોલી-બર્થડે-એનીવર્સરી
૧૦૦ સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી-એનીવર્સરી
૧૦૦ રંજનબેન નવિનભાઇ પંચોલી ટી.પી. ડ્રેસરના ઓપનીગ નિમિત્તે.
૧૦૦ નિતિનભાઇ ગાંધી
૫૧ અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર-બર્થડે
૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી-એનીવર્સરી
૧૦૨ દિપીકાબેન કમલેશભાઇ પંચોલી-બર્થડે-એનીવર્સરી
૫૧ મધુકાંતાબેન દિનેશભાઇ પંચોલી-એનિવર્સરી
૫૧ અલ્કાબેન દર્શનભાઇ પંચોલી એસએસસી.માં પુત્ર વત્સલ ૯૪.૩૩% સાથે પાસ થયો તે નિમિત્તે.
૫૧ વર્ષાબેન મહેશભાઇ પંચોલી-એનીવર્સરી
૫૧ નિતિકાબેન રોનકભાઇ પંચોલી-બર્થડે
૫૦ નયનાબેન જયેશભાઇ પંચોલી-બર્થડે
૫૦ ઉષાબેન હરીશભાઇ પંચોલી-બર્થડે
૫૦૧ પુષ્પાબેન બાબુભાઇ મપારા-બરોડા
દરેક દાતાઓનો ખૂબ ખૂબ આભાર

તા. ૦૨.૦૫.૨૦૧૯ના રોજ 'સંસ્થાની મુલાકાતે'ના પ્રોજેકટ અંતરગત હોસ્પીટલમાં જઇ બિસ્કીટ-દુધ તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા




તેજસ્વી મહિલા મંડળ વડોદરાના તમામ સભ્યો તા. ૦૨.૦૬.૨૦૧૯ને રવિવારે સવારે ૯ કલાકે કમાટીબાગ બેન્ડ

સ્ટેન્ડ ખાતે ફનસ્ટ્રીટ આયોજીત વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં તેજસ્વીની મહિલા મંડળ વડોદરાના તમામ સભ્યો હાજર રહ્યા હતાં. પર્યાવરણની જાગૃતિ અંગેના બેનરો લઈ જન જાગૃતિ કેળવવા રેલીમાં ભાગ લીધો હતો. કમાટી બાગ દ્વારા ટ્રી પ્લાન્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને વૃષોનું મહત્વ સમજાવ્યું હતું. 'વક્ષનું જતન, આબાદ વતન' જેવા સ્લોગનનો સુત્રોચ્ચાર કરાવ્યો હતો. પર્યાવરણની જાળવણી માટે સૌને સમૂહમાં પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેજસ્વીની મહિલા મંડળ તરફથી ટ્રી પ્લાન્ટ કોમ્પીટીશન રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ હર્ષાબેન તથા દ્વિતીય નિકુંજબેન વિજેતા જાહેર થયા હતાં. વિજેતાબેનને સુરેખાબેન તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

અંતમાં ગરમા ગરમ સમોસાનો નાસ્તો કરી છુટા પડયા હતાં.



તેજસ્વીની મહિલા મંડળની જુન માસની મિટિંગ તા. ૧૧.૬.૨૦૧૯ના રોજ પ્રમુખશ્રી સુરેખાબેન પંચોલીના નિવાસ સ્થાને બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવી હતી. સુરેખાબેને કેરીના શરબતથી સૌનું સ્વાગત કર્યુ.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. દિવંગત થયેલ આત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળ્યું. આનંદીબેને ગત મિટિંગમાં થયેલ કાર્યવાહીના અહેવાલનું વાંચન કર્યુ.

પ્રોજેક્ટ અનુસાર અથાણાં કોમ્પીટીશન રાખવામાં આવી. બધી જ બહેનો સુંદર ચટાકેદાર અથાણાં ઘરેથી બનાવી લાવી હતી. અથાણાંનો ટેસ્ટ, પ્રેઝન્ટેશન અને લૂકના આધારે બે બહેનોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. જેમાં પ્રથમ આનંદીબેન અને દ્વિતીય પ્રજ્ઞાબેન અને હર્ષાબેન વિજેતા થયા હતાં.

સ્ત્રીરોગ અને સ્ત્રીઓમાં સજાગતા કેળવાય તે માટે ભાઈલાલ અમીન હોસ્પિટલ-વડોદરામાં સેવા આપતા ડો. દર્શનકુમાર પટેલે હાજર રહી વિવિધ રોગોની માહિતી આપી એ અંગેની સાવધાની કેળવવા માર્ગદર્શન આપ્યું હતું. તેજસ્વીની મહિલા મંડળ તરફથી એમને સ્મૃતિ ભેટ આપી હતી. ત્યારબાદ હાઉસી પણ રમ્યા.

અથાણાં કોમ્પીટીશન પ્રથમ નીતાબેન અને દ્વિતીય લીનાબેન વિજેતા થયા હતાં. ગેમ અને અથાણાં કોમ્પીટીશનના વિજેતાઓને સુરેખાબેન તરફથી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

અંતમાં પાવભાજી રસગુલ્લાનો રસાસ્વાદ માણી સપનાબેને સૌના વતી સુરેખાબેન અને તેમના પરિવારજનો નો આભાર વ્યકત કર્યો. આગામી મિટિંગ સપનાબેનના ઘરે રાખવાનું નકકી કરી છુટા પડયા.

૫૦૦ સુરેખાબેન બી. પંચોલી
૫૦૦ શીલાબેન એ. પંચોલી
૫૦૦ આનંદીબેન એન. પંચોલી
૫૦૦ નિકુંજબેન આર. પંચોલી
૫૦૦ બીનાબેન બી. પંચોલી
૫૦૦ જ્યોતિબેન એસ. પંચોલી
૫૦૦ સપનાબેન એચ. પંચોલી
૫૦૦ નિમાબેન ડી. પંચોલી
૫૦૦ પ્રજ્ઞાબેન બી. પંચોલી
૫૦૦ જ્યોત્સનાબેન એસ. પંચોલી
૫૦૦ નિતાબેન એસ. પંચોલી
૫૦૦ પ્રિતીબેન એમ. પંચોલી
૫૦૦ જ્યોતિબેન કે. પંચોલી
૫૦૦ હર્ષાબેન જે. પંચોલી
૫૦૦ પ્રિતીબેન એસ. મપારા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૬.૬.૨૦૧૯ના રોજ પંચોલી મહિલા મંડળની મિટિંગ દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ મંત્રીશ્રી એ આગામી મિટિંગની કાર્યવાહીનો અહેવાલ વાંચી સંભળાવ્યો. પ્રોજેક્ટ અનુસાર



આજરોજ અથાણાં હરિફાઇ રાખવામાં આવી હતી જેમાં બધી બહેનો ઘરેથી અથાણાં બનાવી લાવી હતી. ટેસ્ટ અને લૂક સાથે પ્રેજન્ટેશનને ધ્યાનમાં લઇ કોમ્પીટીશનના ઇનામ આપવામાં આવ્યા હતાં. કોમ્પીટીશનના જજ તરીકે વિમળાબેન પટેલે સેવા આપી હતી. એમનો પરિચય દક્ષાબેને આપ્યો હતો. એમણે અથાણાં વિશે સુંદર વિવિધ ટીપ્સો આપી હતી. કોમ્પીટીશનના વિજેતા પ્રથમ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને દ્વિતીય દેવયાનીબેન નિલેશભાઇ મહેતા થયા હતા. પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેને વિમળાબેનને સ્મૃતિભેટ આપી હતી.

આ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી વિશ કરવામાં આવી ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષ ઉપરનામાં મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેમાં જાગૃતિબેન અને કેતકીબેન વિજેતા થયા હતા. વિજેતા બહેનોને મંડળ તરફથી પ્રમુખશ્રીના વરદ હસ્તે ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

આજરોજ નીચે મુજબ ભેટ મળી હતી.
૫૦ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી-બર્થડે
૫૦ સોનલબેન મનોજભાઇ પંચોલી-બર્થડે
૫૧ જયશ્રીબેન પંચોલી
૫૦ ગાયત્રીબેન કૃણાલભાઇ પંચોલી-એનીવર્સરી
૫૦ સંગીતાબેન રમણભાઇ પંચોલી-એનીવર્સરી
૫૦ રેખાબેન રાજનભાઇ મિસ્ત્રી-બર્થડે
૫૦ સાધનાબેન હેમલકુમાર મિસ્ત્રી

આગામી મિટિંગ ખુશ્બુ વિસ્મયભાઇ મિસ્ત્રીને ત્યાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું તે દિવસે વૃષારોપણ તથા હેરસ્ટાઇલ સ્પર્ધા રાખવામાં આવી છે.. અંતમાં મસાલા પુરી અને અથાણાં અને ગુલાબજાંબુ તથા સરબતનો અલ્પાહાર કરી છુટા પડયા.

## યુવા સંગઠન - બીલીમોરા
## મહિલા મંડળ બીલીમોરા




તા.૯ જુન ને રવિવારના રોજ બીલીમોરા યુવા સંગઠનના યુવા મિત્રો અને મહિલામંડળની કેટલીક બહેનોએ મળીને સોલધરા ઇકો પોઇન્ટ જવાનું નક્કી કર્યું હતું. તે મુજબ બપોરે ત્રણ વાગ્યે બધા પોતપોતાની બાઇક લઇ ગૌહરબાગ ખાતે ભેગા થયાં હતાં. નક્કી થયા મુજબ સૌ સમયસર ભેગા થયાં અને પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. લગભગ ચાર કલાકે બધા સોલધરા પહોંચી ગયા હતા. સૌ પ્રથમ ફ્રેશ થયા. ત્યારબાદ ત્યાં હાજર કર્મચારી ની મદદથી વિવિધ છોડવાઓ વિષે અને તેના ઉપયોગ વિષે માહિતી મેળવી હતી. ત્યારબાદ ટ્રી હાઉસની મુલાકાત લીધી હતી. ત્યાં સૌ એ મનભરી ફોટોસેશન કર્યું હતું.
ત્યારબાદ સૌએ મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાત લીધી હતી. કેન્દ્ર ના સંચાલક શ્રી અશોકભાઇએ વિવિધ પ્રકારની મધમાખી વિષે અને જુદાજુદા મધની માહિતી આપી હતી. સાવચેતીના પગલા રૂપે સૌએ મોઢાં પર માસ્ક પહેરી મધમાખી ઉછેર કેન્દ્ર ની મુલાકાત લીધી હતી . મધમાખી કેન્દ્ર માં કૃત્રિમ રીતે બનતા મધપૂડા વિષે માહિતી મેળવી હતી. શ્રી અશોકભાઇએ જુદાજુદા પ્રકારના સાપ પણ બતાવ્યા હતા. બાદમાં સોલધરા તળાવમાં બોટિંગ કર્યું હતું. યુવા સંગઠનના પ્રમુખ શ્રીમતી ટ્વિન્કલ બેને પોતાની વર્ષગાંઠ નિમિત્તે તથા નવી ગાડી લીધી તેની ખુશીમાં સૌને પાર્ટી આપી હતી. અંતે સમય થતાં સૌ બીલીમોરા પરત આવવા નીકળ્યા હતા. રાત્રે આઠેક વાગ્યા સુધીમાં સૌ બીલીમોરા પરત ફર્યા હતાં. ફરી આવો પ્રવાસ કરવાનું નક્કી કરી સૌ આનંદમય વાતાવરણમાં છુટા પડ્યા હતા.

## એક વાર જાવુ હરીના ધામમાં



મુંબઇ અંધેરી નિવાસી શ્રી ભોગીલાલ ગુલાબદાસ મહેતા તા.૦૫.૦૬.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. : ૮૭



સુરત નિવાસી શ્રી અનિલકુમાર ઉત્તમરામ મારફતિયા તા. ૦૪.૦૬.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે.



સુરત નિવાસી શ્રી બાલકૃષ્ણ સાકરલાલ જરીવાલા તા. ૧૮.૦૬.૨૦૧૯ ના રોજ અક્ષરનિવાસી થયા.



સુરત નિવાસી અ.સૌ. ભારતીબેન પ્રફુલભાઇ પંચોલી તા. ૨૭.૦૬.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૦૧/- મોટા કરાળા નિવાસી નિતિનભાઇ કંચનલાલ પંચોલી તરફથી સ્વ. ભદ્રાબેન કંચનલાલ પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે.

રૂા. ૧૦૧/- બીલીમોર નિવાસી દાદી જયશ્રીબેન અને દાદા બિપીનચંદ્ર ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી પૌત્રી ચિ. વેદાંશીની વર્ષગાંઠ નિમિત્તે.

## દેવના દીધેલ




વ્યારા નિવાસી શ્રી સિધ્ધાર્થકુમાર પરેશભાઇ પચ્ચીગરને ત્યાં તા. ૧૬.૦૬.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'ચિ. આર્ય' નો જન્મ થયો.
માતા : ડો. ફાલ્ગુનીબેન

## હેપી બર્થડે...



ચિ. વેદાંશી ધવલકુમાર
મિસ્ત્રી-બીલીમોરા
તા. ૦૧.૦૭.૨૦૧૦
ત્રીજી વર્ષગાંઠ

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. પરમાનંદ રામજીભાઈ પંચોલી મુંબઈ | સ્વ. આત્મારામ ગોપાળજી મિસ્ત્રી મુંબઈ

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry** **Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**